પગાર ધોરણ સુધારણા, નવી જગ્યાઓના પગાર ધોરણ મંજુર કરવા વગેરે બાબતે નાણા વિભાગ નો પરામર્શ કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૨-૭૮- પ.એ (મ)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૮, જાન્યુઆરી-૨૦૧૩

વંચાણે લીધા:- (૧) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક: ઈસીઆર-૧૦૮૯-૨૭૩-મ,તા.૧૩-૬-૮૯
(૨) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક:પગર-૧૧૯૪-૫૧-મ,તા.૨૨-૧૧-૯૪
(૩) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક:-પગર-૧૦૨૦૦૦-૬૯-મ,તા.૧૯-૧૦-૨૦૦૦

## પ રિ પ ત્ર

રાજ્ય સરકારના વહીવટીતંત્રમાં આવેલ વિવિધ ખાતા-કચેરીમાં નવી જગ્યાઓના પગાર ધોરણ ઘડવા તથા પગાર ધોરણ સુધારવા અથવા જગ્યા અપગ્રેડ કરવાની બાબતો માં એકસુત્રતા જળવાય તે હેતુથી આમુખમાં દર્શાવેલ આ વિભાગના તા.૧૩-૬-૧૯૮૯,તા. ૨૨-૧૧-૧૯૯૪ અને તા.૧૯-૧૦-૨૦૦૦ના પરિપત્રોથી જરૂરી સુચનાઓ સંબંધકર્તાઓને આપવામાં આવેલ છે.

૨. આ બાબતમાં કેટલીકવાર વહીવટી વિભાગો દ્વારા જગ્યાઓના પગાર સુધારણા માટે પૂરતી ચકાસણી વગર કર્મચારી મંડળોની રજુઆત કે ખાતાના વડાની ભલામણ સાથે સંમત થઈ નાણા વિભાગને દરખાસ્ત મોકલવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં જે તે જગ્યાને મળવા પાત્ર ખરેખર પગાર ધોરણ તે જગ્યાના ભરતી નિયમો,ભરતી સ્રોત,ભરતી કરનાર સંસ્થાની કક્ષા, ભરતીની પધ્ધતી, લઘુતમ શૈક્ષણિક લાયકાત, જગ્યાની કામગીરીનો પ્રકાર અને તેની કામગીરીનો વ્યાપ બઢતીની તકો,વહીવટી માળખામાં તેનું સ્થાન, જગ્યાની ઉપયોગીતા, અન્ય ખાતામાં તેવી જગ્યાઓ નું પગાર ધોરણ વગેરે બાબતોને માપદંડ ગણી તેની વિગતવાર ચકાસણી કરવાની રહે છે. પરંતુ વહિવટી વિભાગો દ્વારા રજુ થતી દરખાસ્ત ઉપરના માપદંડોને ધ્યાને લઇ ચકાસવામાં આવતી ન હોવાથી નાણા વિભાગને પગાર સુધારણાની દરખાસ્તની ચકાસણી અને મુલ્યાંકન કરવામાં તકલીફ પડે છે. આથી જગ્યાના ભરતી નિયમો, લઘુતમ શૈક્ષણિક લાયકાત, ભરતીસ્રોત, વહીવટી માળખું, ( Horizental & Verticle hierarchy With Relativity ) સંબંધિત જગ્યાની ફરજો-

જવાબદારી અને તેના કાર્યક્ષેત્રનો વ્યાપ, બઢતીની તકો વિ. માપદંડ ધ્યાનમાં લઈ આ પ્રકારની દરખાસ્ત મોકલવા જણાવવામાં આવે છે.

૩. સચિવાલયના સર્વે વહીવટી વિભાગોને આ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે. આ ઉપરાંત નાણા વિભાગ પગાર એકમ/ મ-શાખાની મંજૂરી વિના નવી જગ્યાના પગાર ધોરણ મંજુર નહિ કરવા તથા જે તે જગ્યાના પગાર ધોરણની સુધારણા, જગ્યાનું અપગ્રેડેશન/એક પ્રકારની જગ્યાનું બીજી જગ્યામાં રૂપાંતર નાણા વિભાગની મંજૂરી વિના ન કરવા તેમજ ઉપર ફકરા-(૨) અને (૩) માં જણાવ્યા મુજબની કાર્યરીતિનો પણ ચુસ્તપણે અમલ થાય તે જોવા વિનંતિ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.ડી.સેઈલર )

નાયબ સચિવ

નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી.
- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીઓ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
- નિરીક્ષકશ્રી. સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર,
- સર્વે માન્ય કર્મચારી મંડળો
- નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
- <u>પસંદગી ફાઈલ નાણા વિભાગ-મ, પગાર એકમ</u>
- પત્રદ્વારા